# સયાજીરાવ મહારાજાની વિદેશનીતિ

**ડૉ.દામોદર** વી.નેને
વરિષ્ઠ લેખક અને સંશોધક

... તો કદાચ સ્વતંત્ર 'યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ ઇન્ડિયા'ના વડાપ્રધાન લોકમાન્ય તિલક, રાષ્ટ્રપ્રમુખ સયાજીરાવ અને અરવિંદ ઘોષ વિદેશમંત્રી થયા હોત.

સયાજીરાવ ગાયકવાડ બીજા રજવાડાંઓથી તદ્દન જુદા હતા. બીજાઓને ન હતી રાષ્ટ્રીય દૃષ્ટિ, પરરાષ્ટ્રીય નીતિ ધરાવવાનો સુતરામ્ સવાલ ન હતો. આ અદ્ભુત રાજવીએ પડદાની પાછળ વિદેશનીતિ દ્વારા દેશની અસામાન્ય સેવા બજાવી હતી.

સયાજીરાવને સમજવા તેમની પાર્શ્વભૂમિ સમજવી આવશ્યક છે. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના બે મહાનાયકો ગુજરાતમાં સંન્યાસી વેશે ગુપ્ત રીતે જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમાં એક સ્વયં નાનાસાહેબ પેશ્વા ઉર્ફે સ્વામી યોગિન્દ્ર દયાનંદજી સિહોરના નિવાસી બન્યા. સતારા સ્ટેટનો કેસ લઢવા વકીલ તરીકે લંડન ગયેલા અને ક્રાંતિની યોજના બનાવી ભારત પાછા ફરેલા રંગો બાપુ ગુપ્તે નર્મદાતીરે ગંગનાથ ખાતે સ્વામી બ્રહ્માનંદ નામ ધારણ કરીને રહ્યા. યુવાન સયાજીરાવ આ વૃદ્ધ અનુભવી ક્રાંતિકારીઓ સાથે ગાઢ સંપર્કમાં હતા. અંગ્રેજો સાથે કેવા દાવપેચ રમવા, તેમની નબળી કડીઓ કઇ તેનું શિક્ષણ મહારાજાએ આ સંન્યાસી ક્રાંતિકારીઓ પાસેથી મેળવ્યું.

તે વખતમાં વડોદરામાં અનેક લોકોને લાગતું કે મહારાજા હવાફેર માટે કે મોજશોખ માટે વિદેશ જાય છે. તેમને ક્યાં ખબર હતી કે વિદેશની ભૂમિ પર તખ્તાપલટની યોજનાઓ ઘડાય છે! ભારતીય અને વિદેશી ક્રાંતિકારીઓને પડદા પાછળ રહીને મદદ કરવામાં સયાજીરાવને કોઈ ન પહોંચી વળે. વીર સાવરકરના ખાસ સાથી શંકર વાઘ સયાજીરાવના વાળંદ હતા અને રાજમહેલમાં રહેતા એ જાણીને નવાઈ લાગશે. પડદા પાછળની એમની મેનેજમેન્ટ અજોડ હતી. એમણે ૧૩ સપ્ટેમ્બર, ૧૯૧૦ના દિવસે સ્ટોકહોમ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંમેલનમાં લેનિનને વીર સાવરકરની મુક્તિ માટે ઠરાવ કરવા ફરજ પાડી હતી. લેનિને કહ્યું, આ ઠરાવ હું ના મૂકું તો મારી ઉપર આખી દુનિયા વંશવાદનો આરોપ કરશે. સયાજીરાવના એ મેનેજમેન્ટ વિશે ઈતિહાસ મૌન ધરાવે છે!!

લોકમાન્ય તિલકે સયાજીરાવને વિદેશનીતિ સંભાળવાની ડ્યૂટી આપી હતી. સયાજીરાવે પૂનામાં એમનો ગાયકવાડ વાડો તિલકને ભેટ આપ્યો હતો. જો પ્રથમ વિશ્વયુદ્ધ વખતે રાસબિહારી બોઝની યોજના મુજબ 'ગદર' આંદોલન સફળ થયું હોત તો કદાચ સ્વતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ ઈન્ડિયાના વડાપ્રધાન તરીકે લોકમાન્ય તિલક, રાષ્ટ્રપ્રમુખ તરીકે સયાજીરાવ અને યુરોપની બધી જ ભાષા જાણકાર અરવિંદ ઘોષ વિદેશમંત્રી થયા હોત.

બીજા વિશ્વયુદ્ધના ઓછાયા હેઠળ યોજાયેલી 'બર્લિન ઓલિમ્પિક્સ'ની રમતો 'નિહાળવા' મુત્સદ્દી સયાજીરાવ અંગ્રેજોની રીતસરની પરવાનગી લઈને ગયા હતા. હિટલરે જે પ્રેક્ષક ગેલેરીમાંથી આ રમતો નિહાળી તેની બરાબર નીચે સયાજીરાવનું 'બોક્સ' હતું. આ રીતે હિટલર અને સયાજીરાવની મુલાકાત ગોઠવવામાં આવી. લેખકના પિતાશ્રી અને સયાજીરાવના અંગત સચિવ વિષ્ણુ પાંડુરંગ નેને પહેલેથી જ ત્યાં હાજર રહીને 'બરોડા બર્લિન પેક્ટ'ની તૈયારી કરી ચૂક્યા હતા. જેની શરતો મુજબ બીજા મહાયુદ્ધમાં અંગ્રેજો વિરુદ્ધ બધા જ હિન્દુ રાજાઓ માથું ઉઠાવવા સજ્જ હતા. દુર્ભાગ્યે સયાજીરાવના અવસાનથી આ કરાર અમલમાં ન આવી શક્યો.

સયાજીરાવની દૂરદર્શિતા તેમના જ શબ્દોમાં સાંભળીએ : વૈશ્વિક પરિસ્થિતિઓમાં ધરમૂળથી એવાં પરિવર્તનો થવાનાં છે કે સંપૂર્ણ નાબુદીમાંથી બચાવવું મુશ્કેલ છે. (સ્વરાજ્ય મળ્યા પછી) પહેલી વસ્તુ એ કરવી રહી કે આ તુચ્છ રજવાડાઓ નાબૂદ થાય. જ્યાં સુધી આ રજવાડાંઓનું રાજ રહેશે ત્યાં સુધી ભારતીય રાષ્ટ્રનું નિર્માણ અસંભવ છે. રાજ્યની પણ પરવા ન કરનારા આ વિરલ રાજવીનું સ્વપ્ન અંતે સરદાર પટેલે સાકાર કર્યું.

*(લેખકના પિતાશ્રી અને દાદાજી સયાજીરાવના અંગત સચિવ હતા. વધુ માહિતી માટે લેખકનું પુસ્તક શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ જોવું)*

**સર સયાજીરાવ :**

# હંગેરિયન કલાકારને રાજ્યાશ્રય

**હસમુખ** શાહ
આઈપીસીએલના ભૂતપૂર્વ અધ્યક્ષ

બ્રિટિશરોથી છૂપાવીને હંગેરિયન કલાકાર માતા-પુત્રીને હેમખેમ પરત મોકલી ગાયકવાડી રાજ્યે એની ફરજ બજાવી

સર સયાજીરાવને વ્યક્તિને પારખવાની એક ત્રીજી આંખ હતી. હંગેરિયન કલાકાર એલિઝાબેથ સાસ બ્રુનર અને તેમનાં પુત્રી એલિઝાબેથને તેમણે કઈ રીતે પારખ્યા અને વડોદરા લઈ આવ્યા તેની વાત એલિઝાબેથે અમને કહેલી તે તેમના શબ્દોમાં :

લંડનમાં ૧૯૭૩માં ડૉ.રાધાકૃષ્ણનના સૂચનથી મહારાજ સાહેબ અમારું પ્રદર્શન જોવા આવ્યા. ચિત્રો જોતાં ઊંડા વિચારમાં પડ્યા. પછી મારી માતાને કહે હું એવા ચિત્રકારની શોધમાં છું જે મારી પ્રજાને સમજીને તેનાં ચિત્રો કરે. ભાવિ પેઢીઓ માટે આ કામ થાય એમ હું ઈચ્છું છું. તમારામાં વ્યક્તિની ભીતરમાં જવાની અને એના આત્માને ઓળખવાની શક્તિ જોઉં છું. તમે વડોદરા આવો અને ચિત્રો કરો. મારી માતાએ એક વર્ષનો સમય માગ્યો. બીજે દિવસે ફરીથી મહારાજા આવ્યા અને કહે મારી પાસે એક વર્ષનો સમય નથી. સાસ - બ્રુનરે હા પાડી. નક્કી થયા મુજબ મા-દીકરી ફ્રાંસના માર્સે બંદરે સ્ટીમરમાં જોડાયાં. મુંબઈ પહોંચતાં પહેલાં ત્રણેક મુલાકાતમાં મહારાજા સાહેબે અમને એમની કલ્પના કહી.

મુંબઈ ઊતરીને અમને વડોદરા જવાનું કહ્યું. મુંબઈમાં તેઓ બીમાર થયા અને અંતકાળ વહેલો આવ્યો. આખરી શ્વાસ લેતાં અમને સાચવવાની સૌને ભલામણ કરી. એ ઊંડી દૃષ્ટિવાળા મહાપુરુષના જવાથી અમે દુઃખી થયાં. પણ અમારું ચિત્રકામ ચાલું રાખ્યું. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટ્યું ત્યારે અમે જર્મનીના તાબાનાં હંગેરિયન હતાં તેથી અમને પણ બ્રિટિશ સરકાર અટકાયતમાં લઈ લે. પરંતુ વડોદરાના એ ખાનદાન રાજવી કુટુંબ અને અધિકારીઓએ અમને સાચવ્યાં. એક વાર અંગ્રેજ રેસિડન્ટ અમને જોઈ ગયા. અમને બ્રિટિશ હદમાં મોકલી આપવા તાકીદ કરી. છતાં એમના હુકમની અવગણના કરીને અમને સાચવ્યાં. ૧૯૪૧ કે ૧૯૪૨ના નવા વર્ષના ઉત્સવમાં રેસિડન્ટ અમને ફરી જોઈ ગયા. રાજકુટુંબ અને સરદારો મોકલવા તૈયાર ન હતાં. પણ દીવાન વી.ટી.કૃષ્ણમાચારીના આગ્રહે અમારે જવું પડ્યું. સ્ટેશન ઉપર પોલીસવડા અમને ખાસ ડબ્બામાં બેસાડવા આવ્યા ત્યારે રડી પડેલા. મારી માતા ભાંગી પડી. અમે કુમાંવમાં રહ્યાં જ્યાં એનું અવસાન ૧૯૫૦માં થયું. મહારાજા અને તેમના પરિવાર તેમજ અધિકારીઓની ખાનદાનીનું મૂલ્ય અમારે મન ઊંચું હતું.

**પૂર્વભૂમિકા**

૧૮૮૯માં હંગેરીના નાઝીકાનિયા નગરમાં જન્મેલાં એલિઝાબેથે ૨૦ વર્ષની ઉંમરે ફેનિક સાસ પાસે ચિત્રકામ શીખવાનું શરૂ કર્યું. બંને પ્રેમમાં પડ્યાં અને તે જ વર્ષે પરણ્યા અને ૧૯૧૦માં એમનાં પુત્રી એલિઝાબેથનો જન્મ થયો. પ્રથમ વિશ્વયુદ્ધની ઘોષણા થઈ ત્યારે એમના પતિ ભાંગી પડ્યા પણ સાસ-બ્રુનરનું ખમીર અને ઈચ્છાશક્તિ મજબૂત હતાં. એમણે ચિત્રકામ ચાલુ રાખ્યું. દિકરીને પણ પળોટી અને ભારતનાં આધ્યાત્મથી આકર્ષાઈને ૧૯૩૦માં શાંતિનિકેતન આવીને રહ્યાં. ત્યારે હિમાચલમાં અને બૌદ્ધ જાત્રાધામોમાં ફર્યા. સર સયાજીરાવે એમને આવવાનું કહ્યું ત્યારે તેમને માટે ભારત નવું ન હતું.

મહારાજની લાગણીને માન આપીને આવેલાં. એલિઝાબેથ આખ્ખી જિંદગી અહીંથી તહીં ભટકતાં રહેલાં. અમે એમને દિલ્લીમાં અમારા ઘરની પાસે ખાન માર્કેટમાં આંટા મારતાં જોતાં. બૌદ્ધ ભિક્ષુણી જેવાં લાગતાં એલિઝાબેથ ત્યારે ખૂબ ક્ષીણ હતાં અને એમનાં આંગળાં આર્થરાઈટ્સને કારણે વળી ગયેલાં. આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. દિલ્લીમાં રહેવા માટે સરકારી જગ્યા મેળવી આપવામાં અમે મદદ કરેલી અને ત્યાર પછી અમારો સંબંધ વધેલો. તેમના રવીન્દ્રનગરના ફ્લેટના દીવાનખાનામાં ફાયર પ્લેસ પર એમની માતાનું સેલ્ફ પોર્ટ્રેટ હતું. જેમાં એ અત્યંત સુંદર લાગતાં હતાં.

## સર સયાજીરાવની તસવીરી તવારીખ



જેમને એમણે જોયા પણ ન હતાં અને તેમનું નિઃસંતાન અવસાન થવાને કારણે નિયતીએ રાજવી પરિવારને સંતાન દત્તક લેવાના સંજોગોમાં મૂક્યું એ પિતા કૈ.ખંડેરાવ મહારાજની પ્રતિમાનું અનાવરણ કરતાં સયાજીરાવ.



વિદેશીને છાજે એવો પોષાક, વ્યક્તિત્વ અને એવી છટા એટલે સર સયાજીરાવ.



વડોદરા રમતપ્રેમી નગરી બની એના મૂળમાં સર સયાજીરાવનો રમતપ્રેમ જ કારણભૂત છે એવું દર્શાવતી તસવીર.

# મિલન : કૃષ્ણ-સુદામાનું



દોમદોમ સાહેબી વચ્ચે જીવતા સયાજીરાવને એમના બાળસખાની વારંવાર યાદ આવતી અને એક દિવસ એ ગ્રામીણ સખા 'ચિંધા'ને વડોદરા પેલેસમાં લઈ અવાયો

મહારાજાના પૈતૃક ગામ કવલાણા(મહારાષ્ટ્ર)માં ચિંધા નામનો એમનો એક બાળસખા હતો. બંનેની ગાઢ મિત્રતા હતી. મહારાજા વડોદરા આવી ગયા પણ એમનો આ બાલમિત્ર અહીં આવી શક્યો ન હતો. લગભગ પંદર વર્ષનો સમય વીતી ગયો હતો. પણ મહારાજાને એની સ્મૃતિ એવી ને એવી જ તાજી હતી. છેવટે એમણે એક દિવસ એને વડોદરા બોલાવવાની વ્યવસ્થા કરી અને એવો દિવસ પણ આવ્યો જ્યારે ચિંધા વડોદરામાં હતો. સંપતરાવ ચિંધાને લઈને રાજમહેલ તરફ રવાના થયા. મહારાજા ત્રીજા માળના દીવાનખાનામાં ચાંદીના એક ભવ્ય સોફા પર બેઠા હતા. જેવો ચિંધા દીવાનખાનામાં પ્રવેશ્યો કે મહારાજાને જોતાં જ એને શિખવેલો મુજરો વગેરેનો શિષ્ટાચાર ભૂલી ગયો અને સહજ રીતે એના મોંમાથી પહેલા શબ્દો નીકળી પડ્યા. 'અચ્છા આ... તો તું આ ઊંચી જગાએ આવીને બેસી ગયો છે!' મહારાજાએ હસતાં હસતાં એને પોતાની સાથે ઊંચા આસન પર બેસાડતાં પૂછ્યું, 'ક્યારે આવ્યો તું?' 'કાલે જ આવ્યો.' બેસતાં ચિંધાએ ઉત્તર આપ્યો.

'કેમ? શુ ચાલે છે તારું?' 'આપણને તો મજા છે. એક છોકરો લોકોને ત્યાં મજૂરી કરવા જાય છે. મજામાં છે. બીજો ગાયો સંભાળે છે. એક છોકરી હતી તેનાં લગન કરી નાખ્યા છે. 'આપણ તો હવે ચારે ચરણ ખુલ્લા થઈ ગયા છે.' 'કંઈ કામ-બામ પણ કરે છે કે એમ જ...'

'હા રે. ગામની ચોકીદારી કરું છું ને!' 'બહુ સરસ, ખેતીવાડી કેમ છે ત્યાં?' 'એને વિશે તો કંઈ પૂછતા જ નહીં, મહારાજ! પાણીના અભાવે ખેતી સુકાઈ રહી છે. એની સામે તો હવે જોવાતું પણ નથી. જે પોખરામાં આપણે નહાતા હતા તેમાં હવે પીવા જેટલું પણ પાણી નથી?'

'તો પછી ગાયો-ભેંસોને માટેનો ઘાસચારો....' 'ઘાસનું તો તણખલું યે ઊડી ગયું છે. ગાય-બળદને ડાંગમાં(ગુજરાતનો એક જિલ્લો) મોકલી આપ્યાં છે.' 'અરે રે!' મહારાજા અંદરથી હાલી ઉઠ્યાં.

'તમારે તો બસ મજા જ છે. ગામના બધા લોકો કરતાં તમારી-પરિસ્થિતિ સારી છે.' 'હા, એ તો છે.' 'પણ જનમભર આવી જ રહેશે કે?' ચિંધાએ પૂછ્યું.

આ છેલ્લો પ્રશ્ન સાંભળીને મહારાજા ગંભીર થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા કે ગામની આ અભણ વ્યક્તિ રાજનૈતિક જીવનની અસ્થિરતા વિશે સહજભાવે જ કંઈક બોલી ગઈ. એ દિવસોમાં અંગ્રેજ સત્તાધીશો મહારાજા વિરુદ્ધ ષડ્યંત્રો કરવામાં લાગ્યા હતા. ચિંધાનું સાંજનું ભોજન મહારાજા સાથે જ થયું. જૂની યાદો તાજી થઈ.

# પ્રિન્સ એમંગ પેઇન્ટર્સ

સુપ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિવર્મા લક્ષ્મીવિલાસ પેલેસના પરિસરમાં જ એક એકાંત બંગલામાં રહીને પોતાની સાધનામાં મગ્ન રહેતા હતા. એમાં એમની એક ચિત્રશાળા પણ હતી. મહારાજાએ એકવાર એમના ચિત્રો જોવાની ઈચ્છા વ્યક્ત કરી. એક દિવસ તેઓ ચિત્રો જોવા પહોંચી ગયા. એ બધાં જ ચિત્રો રામાયણ અને મહાભારતના પ્રસંગોના વિષય લઈને બનાવવામાં આવ્યા હતા. ચિત્ર જોઈને મહારાજાએ ઊંડો સંતોષ વ્યક્ત કર્યો. પછી કહ્યું મેં ઘણીવાર યુરોપના અનેક સંગ્રહાલયોમાં બાઈબલ અને ગ્રીક પુરાણકથાઓ પર આધારિત અનેક ચિત્રો જોયાં છે. ત્યાંના દેવળોમાં પણ મને એવાં ચિત્રોનું આલેખન જોવા મળ્યું છે. મારા મનમાં ત્યારથી રહી રહીને એ વિચાર આવ્યા કરતો કે ભારત વર્ષની પુરાણકથાઓને આધારે પણ આ જ પ્રકારનાં ચિત્રોનું નિર્માણ કરાવું જોઈએ. મારી આ ઈચ્છા મેં જ્યારે દિવાન સર, ટી.માધવરાવ સમક્ષ મૂકી ત્યારે એમણે મને તમારું નામ આપ્યું હતું.

> રાજા રવિ વર્માએ કહ્યું આ ચિત્રો રાજમહેલ પુરતાં જ સીમિત ન રહે પણ શહેરનાં સામાન્ય લોકોને પણ આ ચિત્રો જોવાનો અવસર મળવો જોઇએ

મહારાજા મારું પણ ચિત્ર સંગ્રહાલયનું એક સ્વપ્ન હતું તે અહી પૂરું થયું. મને એનો આનંદ છે એમ કહી રાજા રવિવર્માએ વિનમ્રતાપૂર્વક નિવેદન કર્યું, મહારાજા મારી એવી ઈચ્છા છે કે આ ચિત્રો રાજમહેલ પુરતાં જ સીમિત ન રહે પણ સામાન્ય લોકોને પણ આ ચિત્રો જોવાનો અવસર મળે. મહારાજાએ સસ્મિત ઉત્તર આપ્યો, રાજાજી આ તો તમે મારા જ મનની વાત કરી દીધી. તમે એનો ઉપાય સુઝાડો. મહારાજા, મારી તો એવી વિનંતી છે કે આ ચિત્રોને રાજમહેલમાં લઈ જતાં પહેલાં કોઈ યોગ્ય સ્થાને પ્રદર્શન માટે રાખવામાં આવે. મહારાજે રાજા રવિ વર્માના આ સૂચન નો સ્વીકાર કરતાં એમ પણ કહ્યું કે આ બહુરંગી ચિત્રો એમના નાના-મોટા કદમાં લોકોના ઘરોમાં પણ પહોંચવા જોઈએ જેથી એમનામાં ચિત્રકળાને નિરખ વાની એક વિશિષ્ટ દૃષ્ટિ વિકાસ પામી શકે. થોડાક દિવસો પછી મોતીબાગના બંગલામાં રાજા રવિવર્માના આ ચિત્રોનું આઠ દિવસનું પ્રદર્શન ગોઠવાયું જેનો હજારો લોકોએ લાભ લીધો ત્યાર પછી એ ચિત્રોને દરબાર હોલમાં લઈ જઈને સજાવવામાં આવ્યા. મહારાજાની ઈચ્છાથી આ અવસરે એક વિશેષ દરબારનું આયોજન કરવામાં આવ્યું જેમાં ચિત્રકાર રાજા રવિવર્માને સન્માનિત કરી એમને રૂપિયા પચીસ હજારની રકમ પણ અર્પણ કરાઈ એ પ્રસંગે મહારાજાએ એમને માટે પોતાના ઉદ્ગારો પ્રકટ કરતાં કહ્યું "You are a Prince among painters and a painter amongst the princes."

■ **સંકલન :** વિશ્વજીત પારેખ (ડેપ્યુટી એડિટર), અનિલ દેવપુરકર, સંજય શાહ, કૃણાલ પેઠે ■ **ડીઝાઈન :** હિમાંશુ સુથાર, મનમોહનસિંહ સોલંકી ■ **ઈલેસ્ટ્રેશન :** મેહુલ પ્રજાપતિ



> ■ અમે છેલ્લાં છસ્સો વર્ષોથી રાષ્ટ્રીય એકતા સાધી શક્યા નથી. જ્યાં સમાજ સ્વતંત્ર હોય, ત્યાં જ અભેદ્ય રાષ્ટ્રીયવૃતિ સંભવી શકે.
>
> ■ અસંતોષની ભાવના હંમેશા અનિષ્ટ નથી હોતી, એની સતર્ક માનવીએ નોંધ લેવી રહી.

## શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડે પ્રજાના આરોગ્ય માટે કરેલી મહત્ત્વની કામગીરી

- **૧૮૯૧માં** પ્રથમ વખત સેનેટરી ખાતું શરૂ કરવામાં આવ્યું.
- **સને ૧૮૯૨માં** સુધરાઈઓની રચના કરી આરોગ્ય માટે સૌથી મહત્વની સ્વચ્છતાની જાળવણીનું કામ તેમના હસ્તક મુકાયું.
- **સને ૧૯૦૧માં** સેનેટરી ખાતાની કામગીરી સરળ કરવા માટે આરોગ્ય રક્ષણ નિયમ દાખલ કરી 30 ગામોમાં અમલ કરવામાં આવ્યો.
- **સને ૧૯૦૫માં** આરોગ્યની જાળવણી માટે આર્થિક વ્યવસ્થા કરવાના ઈરાદે સુધરાઈઓને વેરો નાંખવાની છૂટ આપવામાં આવી.
- **મનુષ્ય સાથે** ઢોરના આરોગ્યની જાળવણી માટે ચિંતા કરી સને. 1882માં પ્રથમ વખત ઢોરનું અલગ દવાખાનું શરૂ કરવામાં આવ્યું
- **સને. ૧૮૮૬માં** દર્દીઓને રહેવાની સગવડ સાથેનું રાજ્યનું પ્રથમ દવાખાનું 'કાઉન્ટેસ ઓફ ડફરીન હોસ્પીટલ' શરૂ કરવામાં આવી.
- **દર્દીઓની** સંખ્યા વધતા સને 1917માં આધુનિક સગવડો સાથે 'ધી સ્ટેટ જનરલ હોસ્પિટલ'ની સ્થાપના કરવામાં આવી.
- **સને. ૧૯૦૧માં** અકસ્માત થાય તે સંજોગોમાં તાત્કાલિક સારવાર આપવા માટે પ્રજાને પણ તાલીમ આપવાનું શરૂ કર્યું.
- **બિમાર** લોકોની ચિંતા કરી પ્રથમ વખત ફરતા દવાખાનાની પણ શરૂ આત કરવામાં આવી.

## વેપાર ઉદ્યોગ માટે કરેલી મહત્ત્વની કામગીરી

- **સને. ૧૮૮૪માં** દક્ષિણ તરફ ગણદેવીમાં ખાંડનું ઉત્પાદન કરવા માટેનું કારખાનું શરૂ કરાવ્યું.
- **સને. ૧૮૯૨માં** શહેરમાં રૂ કાંતવાની મીલ રૂા. 6.35 લાખના ખર્ચે શરૂ કરવામાં આવી હતી.
- **સને. ૧૮૯૦માં** ઈંટ બનાવવા માટેનું કારખાનું રૂા. 24,729ના ખર્ચે શરૂ કરવામાં આવ્યું હતું.
- **સને. ૧૯૦૯માં** રાજમહેલ અને રાજ્યના ખાતાની જરૂરીયાતને પહોંચી વળવા માટે ફર્નિચર ફેક્ટરી શરૂ કરવામાં આવી.

**દિવ્ય ભાસ્કરનો આ વિશેષ અંક તમને કેવો લાગ્યો ?**
**આપના** પ્રતિભાવ/ પ્રતિક્રિયા/ સૂચન મોકલો મોબાઈલ નંબર
89801 41616 પર **SMS** કરો.
**ઈ-મેઈલ** ઉપર પ્રતિક્રિયા આપવા માટે editor@guj.bhaskarnet.com
વધુ વિગતો માટે જોતાં રહો... divyabhaskar.com

**સર સયાજીરાવ :**

# આ કેવો ચમત્કાર?



શ્રી પાંડુરંગ મહાદેવ બાપટ ઉર્ફે સેનાપતિ બાપટ વીર સાવરકરના સાથીઓમાંના એક હતા તથા તેમની 'અભિનવ ભારત' સંસ્થાના સક્રિય સભ્ય હતા. મુંબઈ યુનિવર્સિટીની સર મંગળદાસ નાથીબાઈ સ્કોલરશિપ લઈને આગળના અભ્યાસ માટે તેઓ વિદેશ (ઈંગ્લેન્ડ) પહોંચ્યા હતા.

ઈ.સ. ૧૯૦૬માં ત્યાં જ એમણે પોતાના એક સાથી શ્રી આર.પી.પ્રધાનને સાથે લઈને મહારાજાની મુલાકાત લીધી હતી. શ્રી પ્રધાન નાસિકના રહેનારા હતા. એ મુલાકાતમાં શ્રી બાપટે મહારાજને કહ્યુ હતું મહારાજ, આપને માટે મારા મનમાં પૂરો આદરભાવ છે પરંતુ રાજતંત્ર અને બીજા દેશી રાજાઓ માટે તમારા મનમાં તિરસ્કારની ભાવના જ છે.

મહારાજાએ હસતાં હસતાં કહ્યું હતું : હુ પોતે પણ રાજતંત્ર કે સામંતશાહીને પસંદ નથી કરતો. મારા રાજ્યમાં તો મેં લોકતાત્મક શાસનવ્યવસ્થાના પ્રયોગો આદરી દીધા છે. આ જ શ્રી બાપટના એક પત્રનો અહીં ઉલ્લેખ કરવો પણ યોગ્ય રહેશે જે એમણે ૨૫ જાન્યુઆરી ૧૯૩૮ના દિવસે મહારાજને સંબોધીને લખ્યો હતો એ પત્રાો ખરડો કંઈક આ પ્રકારનો છે જો સયાજીરાવે વડોદરામાં લોકતંત્રની સ્થાપના કરીને રાજ્યનો ત્યાગ કર્યો હોત તો એમની ખ્યાતિ વડોદરા રાજ્યના સંસ્થાપક મહાપુરુષની તુલનામાં ચોક્કસ જ અધિક હોત. જો મહારાજે લોકશાહીની સ્થાપના કરીને પોતાના તમામ અધિકારો લોક પ્રતિનિધિઓને સોપી દીધા હોત તો અંગ્રેજો તેમનું શું બગાડી લેત? એ જ ન કે ક્યાં તો એમને ગાદી પરથી ઉતારી દેત અને રાજ્યને ખાલસા કરી દેત કે બીજું પણ કંઈક કરત? એથી વધારે તેઓ મહારાજાનું કે લોકોનું શું બગાડી શક્યા હોત ? એમને કોઈ હાનિ પહોંચી શકી ન હોત. લોકતાંત્રિક પદ્ધતિની સ્થાપનાને માટે કરાયેલા સયાજીરાવના ત્યાગની સામે કશું પણ અનિષ્ઠ સંભવ નહોતું. એ જ પત્રમાં શ્રી બાપટે ઘોષણા કરી હતી કે ૨૩ જુલાઈ ૧૯૩૯ સુધીમાં જો કોઈ ચમત્કાર જોવા ન મળે તો તેઓ જળસમાધિ લઈ લેશે. એ ચમત્કાર બીજો કશો નહીં, એ જ હોય કે મહારાજાએ તારીખ સુધીમાં એનાથી થોડુંક પહેલાં વડોદરાને લોકતંત્રાત્મક રાજ્ય ઘોષિત કરશે પણ આપણે જાણીએ છીએ કે એ તારીખ પહેલા જ મહારાજાએ તા. ૬ ફેબ્રુઆરી ૧૯૩૯ના રોજ આ સંસારમાંથી વિદાય લઈ લીધી હતી.

# ત્વરિત નિરાકરણ

**દ્વારકાના એક સિપાહીએ તેના તેહસીલદાર દ્વારા થયેલા અન્યાય અંગે મહારાજને પોસ્ટ કાર્ડ લખ્યું અને...**

સયાજીરાવે પોતાના પ્રજાજનોમાં નાના- મોટા સૌનો એટલો વિશ્વાસ મેળવી લીધો હતો કે તેઓ તેમને પોતાના ઘણા નજીકના માનતા લોકોને એ વાતની પૂરી ખાતરી હતી કે એમના પ્રત્યે રાજ્યના કોઈ પણઅધિકારીએ કરેલા અન્યાયની ફરિયાદ લઈને જો તેઓ મહારાજ પાસે જશે તો એમની સુનાવણી તો થશે જ , ફરિયાદનું તરત જ નિરાકરણ પણ આવી જશે. આમ જનતામાં તેઓ કોઈના સ્વજન હશે તો કોઈકને માટે ભગવાન એમના દર્શન થતાં જ મારું ભાગ્ય ખુલી જશે એવો એક મનોમન વિશ્વાસ એમના પ્રત્યે જનસાધારણમાં હતો. આ સંદર્ભમાં એક પ્રસંગ ઘણો જાણીતો છે કહે છે કે દ્વારકાનો કોઈક સિપાઈ જે ત્યાંના તહેસીલદારના હાથ નીચે રાજ્યની સેવામાં હતો તેણે એક પોસ્ટકાર્ડમાં પોતાને થયેલા અન્યાય વિરુદ્ધ એક ફરિયાદ લખીને મહારાજાની પાસે મોકલી આપી ત્યાના સમયગાળામાં શ્રી ગો.સ. સરદેસાઈ મહારાજાના 'રીડર' હતા. એમણે આ પત્ર મહારાજને વાંચી સંભળાવ્યો ખબર પડી કે એ ફરિયાદનો સંબંધ રેવન્યૂ ખાતા સાથે હતો. મહારાજાએ તરત જ એ પત્ર એ વિભાગના મુખ્ય અધિકારીને મોકલીને હુક્મ કર્યો કે દ્વારકાના સિપાઈની ફરિયાદની બાબતમાં સાચાખોટાની તપાસ કરાય અને એને યોગ્ય ન્યાય કરાયા વિશેની સૂચના મને આપવામાં આવે. પરિણામે બે જ દિવસમાં ફરિયાદનો નિકાલ આવી ગયો અને પછીથી સિપાઈ તરફથી મહારાજાને બીજો પત્ર પણ મળ્યો જેમાં લખ્યું હતું 'મને ન્યાય મળી ગયો છે, હવે કોઈ ફરિયાદ નથી.'

# મળવું જ પૂરતું નથી



એક માણસને હંગામી ધોરણે રાજ્યની નોકરીમાં રાખ્યો હતો અને એને મહારાજાના હુકમથી આમ તેમનું સાધારણ જેવું કામ સોંપવામાં આવ્યું હતું. એ માણસને પોતાને સોંપાયેલા કામનો કામથી અસંતોષ હતો. એને વારંવાર એ વાત મનમાં ખટકયા કરતી કે એને જે કામ સોંપવામાં આવ્યું છે. તે એની યોગ્યતા પ્રમાણેનું નહોતું નીચા દરજ્જાનું કામ હતું. એટલે એ ઈચ્છતો હતો કે એને એની યોગ્યતા પ્રમાણેનું કામ આપવામાં આવે. એના મનમાં આવ્યું કે આ બાબતમાં મહારાજાને પ્રત્યક્ષ મળીને પોતાની તકલીફ એમની સમક્ષ મૂકવી જોઈએ. આથી મહારાજાને મળવાના પ્રયાસોમાં એણે વારંવાર રાજમહેલના ચકકર લગાવવા શરૂ કર્યા. મહિનો પંદર દિવસ સુધી કવાયત કર્યા પછી એને મહારાજાને મળવાનો મોકો મળી શકયો નહી.

એક દિવસ સાંજના સમયે મહારાજા પોતાના નિત્યના ક્રમમાં ફરવા જવા માટે મહેલનો દાદર ઉતરતા હતા ત્યારે એણે તક ઝડપી લીધી અને દાદરના પગથિયા પાસે જઈને એમને મુજરો કર્યો અને તરત પોતાની ફરિયાદ એમની સમક્ષ રજુ કરી. આખી વાત સાંભળી લીધા પછી મહારાજાએ એને એવો ખખડાવી નાખ્યો કે ત્યાં હાજર રહેલા લોકોને માટે પણ ઊભા રહેવાનું ભારે થઈ ગયુ છેવટે એમણે કહ્યું મને મળવાના પ્રયાસમાં રાજમહેલમાં આવા જવામાં તમે નકામા જ આટલા દિવસ બગાડ્યા. આ દરમ્યાન તમને જે કામ સોંપાયું હતુ તેને કુશળતાપૂર્વક કરી બતાવીને તમારા વિશે તમારા ઉપરી અધિકારીનો સારો અભિપ્રાય મેળવ્યો હોત તો તમારા વિશે મારો મત સારો બન્યો હોત જાઓ અને સારી રીતે ફરજ બજાવીને તમારી યોગ્યતાનું પ્રમાણ આપો. તે પછી નિયમાનુસાર તમારી માગણી મારી સામે મૂકજો ત્યારે મારે જે કરવાનું હશે તે હું કરીશ. માત્ર મારી સાથે મુલાકાત કરવાથી તમને કોઈ લાભ થવાનો નથી.

*» પ્રેરક પ્રસંગોના લેખક : પ્રો. બંસીધર શર્મા, અનુવાદક : પ્રો. રાજેન્દ્ર નાણાંવટી*